**ભાયાવદર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુના રજિસ્ટર નં.૦૨૦૫/૨૦૨૬, બી.એન.એસ. કલમ ૩૧૮(૨), ૩૧૯(૨), ૩(૫) મુજબ ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવાની અરજદાર રૂપલબેન જયેશભાઈ ડાભીની અરજી લગત હુકમ.**

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

(૧) અરજદારની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદારની કાયદેસરની માલિકી કબજા ભોગવટાનો મોબાઈલ ફોન ઓપો કંપનીનો A5X 5G જેના IMEI No. 862517071079073 છે. તે મુદ્દામાલ ઉપરોકત ગુનાના કામે કબજે કરેલ છે. તે મુદ્દામાલ વચ્ચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની આ અરજી કરેલી છે.

(૨) આ કામે અરજદારની અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજૂ થયેલ દસ્તાવેજી આધારો તથા પોલીસ અભિપ્રાય તેમજ પંચનામુ તેમજ મુદ્દામાલ પાવતી ધ્યાને લીધા. સરકારી વકીલશ્રીને સાંભળ્યા.

(૩) તપાસ કરનાર અમલદારે તેઓનો અભિપ્રાય આપેલ છે જે ધ્યાને લેતાં, સદરહુ મુદ્દામાલ છોડવા બાબતનો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે.

(૪) હવે, મુદ્દામાલ અભિપ્રાયની સાથે મુદ્દામાલ કબજે કરેલ પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજૂ છે. આ કામે પંચનામુ તથા મુદ્દામાલ પાવતી ધ્યાને લેતાં, સદરહુ ગુનાના કામે મોબાઈલ ફોન કબજે કરેલ હોવાનુ જણાય આવે છે.

(૫) વધુમાં, આ કામના અરજદાર તરફે દસ્તાવેજી લિસ્ટ રજૂ કરેલ છે. જે ધ્યાને લેતાં, મુદ્દામાલ મોબાઈલ ફોનનું બીલની નકલ, અરજદારના આધાર કાર્ડની નકલ તથા એફ.આઈ.આર.ની નકલ રજૂ છે. જે ધ્યાને લેતાં, સદરહુ મોબાઈલ ફોનના માલિક હાલના અરજદારના હોવાનું જણાય આવે છે. વધુમાં, આ કામના આરોપીઓએ નો–કલેઈમ પુરસીસ રજુ કરી મુદ્દામાલ અરજદારને સોંપવામાં આવે તો વાંધો નથી તેવુ જણાવેલ છે. જે ધ્યાને લેતાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલના માલિક હાલના અરજદાર હોવાનું ફલિત થાય છે. જેથી અરજદારને મુદ્દામાલ

વચ્ચગાળાની પરત કસ્ટડી તરીકે સોંપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવું છે.

(૬) વધુમાં, <u>**નામદાર સુપ્રીમ કોર્ટે સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિરુદ્ધ સ્ટેટ ઑફ ગુજરાતનો કેસ કે જે જી.એલ.આર.૨૦૦૩(૨) પાન નં.૧૩૩૭**</u> ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમા નામદાર સુપ્રિમ કોર્ટે આપેલ ગાઇડલાઇન મુજબ કબજે કરેલ મુદ્દામાલ અરજદારને નીચેની શરતોને આધીન કામ ચલાઉ ધોરણે પરત સોંપવું વાજબી જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// <u>**હુકમ**//</u>

આ કામના અરજદાર રૂપલબેન જયેશભાઇ ડાભી, રહે.ઘેટાવાળા પ્લો, જેતપુર, જિ.રાજકોટનાએ મોબાઈલ ફોન ઓપો કંપનીનો A5X 5G જેના IMEI No. 862517071079073 છે. તેની મુદ્દામાલ પાવતિમાં જણાવેલ કિંમતના દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી નીચેની શરતોને આધીન માત્ર વચ્ચગાળાના ધોરણે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>**શરતોઃ-**</u>

**૧.** અરજદારે જયારે અને જયાં નામદાર કોર્ટ મંગાવે ત્યારે તુરંત મુદ્દામાલ મોબાઈલ સ્વખર્ચે રજૂ કરવાનુ રહેશે.

**૨.** અરજદારે મુદ્દામાલ મોબાઈલ આ કેસનો આખરી નિકાલ ન આવે ત્યા સુધી અન્ય કોઇને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઇ પણ રીતે ટ્રાન્સફર કે તબદીલ કરવો કરાવવો નહિ.

**૩.** મુદ્દામાલ મોબાઈલના પ્રકારમાં (સ્વરૂપ)માં કોઇ પણ જાતનો ફેરફાર કરવો નહિ અને તેની યથાવત સ્થિતિ જાળવી રાખવી.

**૪.** અરજદારે ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ મોબાઈલની ઓળખ સંબંધે કોઇ તકરાર ઉપસ્થિત કરવી નહિ.

**૫.** અરજદારે મુદ્દામાલ મોબાઈલનો કોઇ ગુન્હાહીત કૃત્યમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

**૬.** તપાસ કરનાર અમલદારશ્રીએ અરજદારના ખર્ચે મુદ્દામાલ મોબાઈલના દરેક બાજુના કલર ફોટોગ્રાફ પાડીને આ હુકમની તારીખથી દિન–૭માં અત્રેની અદાલતમાં રજૂ કરવા.

**૭.** અજદારે મુદ્દામાલ મોબાઈલ અંગે મુદ્દામાલ પાવતી અને પંચનામામાં જણાવેલ મોબાઈલની કિંમતના દોઢી રકમના બોન્ડ તથા જામીન સંબંધીત પોલીસ સ્ટેશનમાં આપવાના રહેશે.

**૮.** સંબંધિત કર્મચારીએ જો સદર કામે ચાર્જશીટ થઇ ગયેલ હોય તો ફોજદારી કેસમાં સદર અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે સામેલ રાખવું અને જો ચાર્જશીટ થયેલ ના હોય તો સંબંધિત કર્માચારીએ ચાર્જશીટ થયેથી સદરહુ અરજીનું તમામ રેકર્ડ હુકમ સાથે ફોજદારી કેસમાં સામેલ રાખવું.

**૯.** આ હુકમ સંબંધે સંબંધિત પોલીસ સ્ટેશનમાં યાદી કરવી.

ઉપરોક્ત શરતોનો ભંગ થયેથી, સદરહુ વચ્ચગાળાનો હુકમ રદ થયેલ ગણાશે અને મુદ્દામાલ પરત કબજે લેવામાં આવેશે.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૧, માહેઃજુલાઇ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.**

**તારીખઃ ૦૧/૦૭/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(પ્રીયાબેન પ્રકાશચંદ્ર કાલા)**
**જ્યુડી. મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**ભાયાવદર.**
**UIC-GJ01761**